| | | |
|---|---|---|
| | **સરખેજ પોલીસ સ્ટેશન**<br>**અમદાવાદ શહેર** | |

## પ્રેસનોટ

## ગેરકાયદેસર ૦૨ કોલ સેન્ટરમા કુલ ૦૯ ઇસમોને પકડી પાડતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાં અમો તથા પો.સબ.ઇન્સ શ્રી.ડી.ડી. ચુડાસમા તથા પો.સબ.ઇન્સ. શ્રી ડી.સી.પરમાર તથા પો.સબ.ઇન્સ. શ્રી વી.ડી.ડોડીયા તથા અ.હેકો.ઇદરીશખાન સામતખાન બ.નં-૫૭૨૫ તથા પો.કોન્સ. યશપાલસિહ પ્રવિણસિંહ બ.નં. ૪૩૩૩ તથા પો.કોન્સ. રણજીતસિહ સુખદેવસિહ બ.નં-૮૯૨૧ તથા પો.કોન્સ હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં- ૫૨૦૬ તથા લોકરક્ષક ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા લોકરક્ષક મયુરધ્વજસિહ ભગીરથસિહ બ.નં-૧૧૪૮ તથા લોકરક્ષક કુલદીપસિહ રાજેંદ્રસિહ બ.નં-૨૬૩ તથા લોકરક્ષક જયરાજદાન કીરીટદાન બ.નં-૧૩૦૨૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા તે વખતે અમોને બાતમી હકિકત મળેલ કે "સાણંદ સર્કલ પાસે આવેલ સીગ્નેચર-૦૨ કોમર્શીયલ બિલ્ડીંગના "એ" બ્લોકના બીજા માળે આવેલ ઓફીસ નંબર-૨૦૨ માં તથા બિલ્ડીંગના "સી" બ્લોકના ૫ માં માળે આવેલ ઓફીસ નં-૫૦૨ માં કેટલાક ઇસમો ભેગા મળી પોતાનાં કોલ સેન્ટરમાં અમેરીકાનાં નાગરીકોને ફોન કરી અને તેઓનાં ડેટા મેળવી તેઓને જણાવે છે કે પ્રાઇવેટ લોન કંપનીમાંથી તમારી લોન મંજુર થઇ ગયેલ છે જે લોન મેળવવી હોય તો તે માટે તેઓની પાસેથી લોકોને સ્કાઇપ સોફ્ટવેર દ્વારા મેસેજ મોકલી પોતાનો નંબર આપી ત્યારબાદ તેઓને જણાવે છે કે તમારી લોન મેળવવા માટે વોલમાર્ટ અથવા ગુગલ પ્લે ૨૦૦/-થી ૫૦૦/-ડોલરનું ગીફ્ટ વાઉચર લઇને તે ગીફ્ટ વાઉચરનો નંબર અમને આપો તેમ કહી કસ્ટમર પાસેથી ગીફ્ટ વાઉચરનો નંબર મેળવી નાણા મેળવી લેતા હોય વિગેરે મતલબની બાતમી હકીકત મળતા જે હકીકત આધારે આપ સાહેબે બાતમી હકીકત વાળી જગ્યાએ હકીકત વેરીફાય કરાવતા હકીકત સાચી જણાતા સદર જગ્યાએ રેઇડ કરી કુલ ૦૯ ઇસમોને પકડી પાડી (૧) સરખેજ પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં.૧૬૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ તથા (૨) સરખેજ પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં.૧૬૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ ગુનો દાખલ નીચે જણાવેલ આરોપીઓને તા-૦૬/૧૧/૨૦૧૯ નાં કલાક ૬/30 વાગે પકડી અટક કરી નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે લઈ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

➢ <u>આરોપીઓ તથા કબ્જે કરેલ મુદ્દામાલ</u>-

<u>(૧) સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ</u>

<u>આરોપીઓ:-</u> (૧)રાહુલ રામચંન્દ્ર જાતે યાદવ ઉ.વ-૨૦ રહે-મ.નં-૯૪/૨ બ્લોક નંબર-૮ એલ.આઇ.જી-૦૨ ઓઢવ પોલીસ ચોકી પાસે ઓઢવ જી.આઇ.ડી.સી અમદાવાદ શહેર.(૨) શિવા સુમનસિંગ જાતેરાજપુત ઉ.વ. ૨૧ રહેવાસી ૯૨ હરીકુપા સોસાયટી ગુરૂદ્વારા પાસે ઓઢવ અમદાવાદ શહેર. (૩)સાજીદ કાસભાઇ જાતે લંન્જા ઉ.વ. ૩૧ રહેવાસી સેક્ટર-૪ એ મહાદેવ મંદિર પાસે ગાંધીનગર.(૪)ઇમરાન જલાલુદ્દીન જાતે પઠાણ ઉ.વ. ૩૯ રહેવાસી ઘર નં-૯ ઇરમ રેસીડન્સી પાનસર રોડ કલોલ જિલ્લો ગાંધીનગર (૫)પ્રશાંત પુરસિંગ જાતે રાજપુત ઉ.વ. ૨૦ રહેવાસી ઘર નં-૭૨ કર્મયોગ પાર્ક વિભાગ-૨ તક્ષશીલા સ્કુલ પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર.

<u>મુદ્દામાલ:-</u> (૧)ત્રણ ડેસ્કટોપ તથા બે લેપટોપ હેડફોન સાથેનાં કિંમત રૂપિયા ૯૫,૦૦૦/-નાં તથા (૨) ૭ નંગ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-નાં મળી કુલ્લે રૂપિયા ૧,૯૫,૦૦૦/-નો મુદ્દામાલ

<u>(૨) સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૫/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ</u>

આરોપીઓ (૧)અર્ષદ ફારૂકભાઇ મેમણ ઉ.વ. ૨૫ રહેવાસી ઘર નં-૧૩ બાગે મસીરા સોસાયટી કાદરી પાર્ટીપ્લોટ પાસે સરખેજ અમદાવાદ શહેર તથા (૨)ઉર્વાન દિનમહંમદ જાતે માન્સુરી ઉ.વ. ૨૩ રહેવાસી ઘર નંબર-૩ સિદ્દીકાબાદ કોલોની અંબરટાવર સામે સરખેજ અમદાવાદ શહેર મુળ વતન ઇડર ગંભીરપુરા ઇડર જિલ્લો અરવલ્લી તથા (૩)ફરહાનખાન શાહાબઅલીખાન જાતે પઠાણ ઉ.વ. ૨૬ રહેવાસી હાલ સિગ્નેચર હોટલ રૂમ નંબર ૧૦૧ સાણંદ શર્કલ પાસે સરખેજ અમદાવાદ શહેર મુળ વતન લખનૌ સી/૫૭ સેક્ટર-બી અલીગંજ કપુરથલા પાસે લખનૌ ઉત્તરપ્રદેશ (૪)યોગેકુમાર મહેશકુમાર જાતે અછરા ઉ.વ. ૨૫ રહેવાસી હાલ સિગ્નેચર હોટલ રૂમ નંબર ૧૦૧ સાણંદ શર્કલ પાસે  સરખેજ અમદાવાદ શહેર મુળ વતન લખનૌ ૨/૧૦૧ સેક્ટર ક્યુ જાનકીપુરમ બ્રાઇટ-વે સ્કુલ પાસે લખનૌ ઉત્તરપ્રદેશ

મુદ્દામાલ :-(૧)ચાર નંગ લેપટોપ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/-તથા (૨) ૬ નંગ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૬૫,૦૦૦/-ના તથા (૩) ૧ નંગ મેઝીક ઝેક કિંમત રૂપિયા ૧,૦૦૦/-ની મળી કુલ્લે રૂપિયા  ૧,૩૧,૦૦૦/-નો મુદ્દામાલ